ISSN: 2319-202X

# લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતાં બી.એડ. બેઝીકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ

ડૉ.ધીરજલાલ ટી. રાઠોડ
બી. એડ. બેઝીક, લોકભારતી સણોસરા
Mo. 9428108716 Email – dhirubhairathod12@gmail.com

સામાન્ય રીતે બધાં જ તાલીમાર્થીઓને બધાં વિષયોમાં કે બધાં જ કાર્યોમાં સરખો રસ પડતો હોય તેવું જોવા મળતું નથી. દરેક તાલીમાર્થીઓને અમુક વિષય-કાર્ય પ્રત્યે થોડે ઘણે અંશે ગમો-અણગમો હોય જ છે. આ ગમા-અણગમાની અસર જોઇ સકાતી કે માપી શકાતી નથી. પરંતુ તેની અસર તેના અભ્યાસક્રમની સિદ્‌િધ્ર પરથી ચોક્કસ જાણી શકાય છે.

કોઇ પણ તાલીમાર્થીને જે વિષય પ્રત્યે વધારે રુચિ હોય તેમાં તે ચોક્કસ સિદ્‌િધ્ર મેળવે છે. તાલીમાર્થીઓ શ્રમ પ્રત્યે ધન કે ઋણ વલણ ધરાવતા હોય તે અનુભવના આધારે નક્કી કરી શકાય. તાલીમાર્થીઓના વલણ પરથી તેનાં કાર્યની અપેક્ષા રાખી શકાય અને પોતે કેવું કાર્ય કરશે તેનો પણ ખ્યાલ આવી શકે છે. આ રીતે તાલીમાર્થીઓના કાર્ય પ્રત્યેનાં વલણ પરથી શિક્ષણમાં તેનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે.

તાલીમાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અનેક પરિબળો ભાગ ભજવે છે. ખાસ કરીને નવી તાલીમના વિચારસરણી સંચાલિત નિવાસી શાળાઓમાં તાલીમાર્થીઓને તેની સિદ્ધિમાં ચોક્કસ ભાગ ભજવે છે. આ પ્રવાહના તાલીમાર્થીઓ કેવી સિદ્‌િધ્ર મેળવી શકશે તેનો આછો ખ્યાલ શ્રમ પ્રત્યેના તેના વલણ પરથી આવી શકે છે.

ગાંધીજીએ ઉદ્યોગ દ્‌બ્રારા શિક્ષણની સંકલ્પના દેશ સમક્ષ રજૂ કરી. આ સંકલ્પનામાં બે શબ્દો અગત્યના છે. ઉદ્યોગ (શ્રમ) અને શિક્ષણ જેમાં "ઉદ્યોગ" શારીરિક અને ઉત્પાદક પરિશ્રમ સૂચવે છે. જેને પરિણામે કંઇક ઉપયોગી ઉત્પાદન થાય જેમાંથી બાળક અને તેની આસપાસ સમાજની મૂળભૂત જરૂરિયાતો પોષાતી હોય એ દ્રષ્ટિએ અન્ન, વસ્ત્ર અને આવાસની ઉત્પાદક પ્રવૃત્તિને ગાંધીજીએ મહત્વ આપ્યું. બાળકના શિક્ષણની શરૂઆત થાય ત્યારથી ઉદ્યોગ દ્‌બ્રારા બાળક એક ઉત્પાદક વિદ્યાર્થી બને એવું ગાંધીજી ઇચ્છતા હતા. શિક્ષણના અંગ તરીકે સમૂહમાં વિદ્યાર્થી ઉદ્યોગ કરે, પરિણામે ઉત્પાદનનાં સર્જનનો આનંદ મેળવે, અન્યને ઉપયોગી થઇ પડવાનું ગૌરવ મેળવે અને જીવન જીવવા માટેની આત્મ શ્રદ્ધા કેળવે એવી ગાંધીજીની કલ્પના હતી.

બુનિયાદી પ્રવાહનું મહત્વ નોંધતા જાણીતા ચિંતક-કેળવણીકાર શ્રી 'દર્શક' નોંધે છે કે બુનિયાદી શાળામાં "છાત્રાલય" એકી સાથે ઘર છે, શાળા છે, અને મંદિર છે. આજનું આપનું છાત્રાલય ભૂતકાળમાં ઘણાં નામે જાણીતુ હતું. જેવા કે બ્રહ્મણ કાળે આશ્રમ,

ISSN: 2319-202X

બ્રાહ્મણોત્તર કાળે ગુરુકૂળ, બૌદ્ધ કાળમાં, વિહાર પછીથી મંદિર, ક્યારેક મઠ, પીઠ કે વિદ્યાપીઠ.

દરેક તાલીમાર્થી પોતાના અભ્યાસકાળ દરમ્યાન કેટલાંક શાળાકીય વિષયોનો અભ્યાસ કરે છે અને તે વિષયોને અનુરૂપ શૈક્ષણિક અનુભવો મેળવે છે. આ અનુભવને આધારે તેમનું જે તે વિષય પરત્વેનું ચોક્કસ વલણ ઘડાય છે. જે તેમની શૈક્ષણિક પ્રગતિને અસર કરે છે. જેથી શૈક્ષણિક સિદ્ધિ અંગે માર્ગદર્શન મેળવવા તથા આપવા માટે તે વિષયનાં સંદર્ભમાં જ નવું જાણવાની પ્રયોજકની ઈચ્છા હતી. આથી શ્રમ વિષય પરત્વેના વલણો બાબતે વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો.

આમ બી. એડ. બેઝીકના તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીએ તો શ્રમ પ્રત્યેનું વલણ તેના ચારિત્ર ઘડતર અગત્યનો ભાગ ભજવે છે. આ વલણ નિમાર્ણ પામે છે એટલે કે તાલીમાર્થીઓનું જીવન ઘડતર કરી શકે છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે બી. એડ. બેઝીકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ અંગે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલ.

**સમસ્યા કથન _**

"લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતાં બી.એડ. બેઝીકના તાલીમાર્થીઓમાં શ્રમ પ્રત્યેના વલણનો અભ્યાસ"

**સંશોધન ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતા બી. એડ. બેઝીકના કુલ ૨૪ તાલીમાર્થીઓમાં ૧૯ બહેનો અને ૫ ભાઈઓ પાસે શ્રમ વિષય પ્રત્યેનું માપદંડ ભરાવવામાં આવ્યું હતું.

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસ બી.એડ. બેઝીકના તાલીમાર્થીઓનાં શ્રમ પ્રત્યેનાં વલણનો અભ્યાસ કરવાનો હતો. અર્થાત સર્વેક્ષણ પ્રકારનું સંશોધન કાર્ય હતું.

**અભ્યાસના હેતુઓ**

અભ્યાસની સમસ્યાને ધ્યાનમાં લઇ નીચેના હેતુઓને કેન્દ્રમાં રાખી અભ્યાસ હાથ ધરવામાં આવેલ.

૧. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ માપદંડની સંરચના કરવી.

૨. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ માપદંડનું પ્રમાણીકરણ કરવું.

૩. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ પર જાતિયતા, અભ્યાસેત્તર વિષય, રહેણાંકી વિસ્તાર, અને માતા-પિતાનાં શૈક્ષણિક સ્તરની અસર તપાસવી.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે રચવામાં આવી હતી.

૧. બી. એડ. બેઝીકના તાલીમાર્થીઓનું જાતીયતાની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. બી. એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓનાં માતાપિતાની શૈક્ષણિક લાયકાતની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૩. બી એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**શબ્દોની વ્યવહારું વ્યાખ્યાઓ**

પ્રસ્તુત અભ્યાસમાં આવતાં અગત્યના શબ્દોની વ્યવહારિક વ્યાખ્યા આ પ્રમાણે સ્વીકારવામાં આવી હતી.

નઈ તાલીમની સંસ્થા – "ખાદી, શ્રમ, સહશિક્ષણ અને બુનિયાદી કેળવણી આપતી હોય તેવી નિવાસે સંસ્થા.

શ્રમ પ્રત્યેનું વલણ – "પ્રયોજકે શ્રમ પ્રત્યેનું વલણ માપવા રચેલા વલણ માપદંડ પર પાત્રએ મેળવેલ પ્રાપ્તાંકને શ્રમ પ્રત્યેનાં વલણ તરીકે સ્વીકારવામાં આવેલ.

**અભ્યાસમાં સમાયેલ ચલો**

પ્રસ્તુત સર્વેક્ષણાત્મક અભ્યાસમાં જે ઘટકોનાં સંદર્ભમાં વલણ ચકાસવામાં નીચેના ચલોનો સમાવેશ કરવામાં આવેલ.

| | **સ્વતંત્રચલ** | **પરતંત્રચલ** |
|---|---|---|
| જાતીયતા | કુમારકન્યા , | શ્રમ પ્રત્યેનું વલણ |
| અભ્યાસેત્તર વિષય | ગણિત, વિજ્ઞાન,વિજ્ઞાન સામાજિક , હિન્દીઅંગ્રેજી ગુજરાતી , | |
| માતાપિતાઓનું સ્તર | ભણેલઅભણ , | |

**અભ્યાસનું મહત્વ**

જે તે વિષય પ્રરત્વેનું વલણ ઉંચું તેમ તે વિષયની શૈક્ષણિક સિદ્દિ્ઘ ઉંચી હોય છે. એવું સંશોધનના તારણો પરથી જાણવા મળે છે.

૧. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનના અધારે બી. એડ. બેઝીકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેની રુચિ કેટલી છે તેનો ખ્યાલ આવે છે.

૨. પ્રસ્તુત અભ્યાસ દ્બ્રારા બી. એડ. બેઝીકના તાલીમાર્થીઓમાં કુમારો અને કન્યાઓના શ્રમ પ્રત્યેનાં વલણમાં ભિન્નતા છે કે કેમ તે જાણી શકાય છે.

૩. બી એડ. બેઝીકના તાલીમાર્થીઓમાં શ્રમ પ્રત્યેના વલણ પર તેઓના માતા-પિતાનાં શૈક્ષણિક સ્તરની અસર જાણી શકાય.

**અભ્યાસની મર્યાદા**

પ્રસ્તુત અભ્યાસને મર્યાદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. પ્રસ્તુત અભ્યાસ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંચાલિત સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતાં બી એડ. વર્ષ ૨૦૧૬-૧૮ (બે વર્ષનો અભ્યાસક્રમ)માં દ્વિત્રીય વર્ષના તાલીમાર્થીઓના જ સમાવેશ કરવામાં આવેલ હતો. પ્રસ્તુત અભ્યાસક્રમના પરિણામો અન્ય બી.એડ. કોલેજને લાગુ ન પાડી શકાય.
૨. તાલીમાર્થીઓના વલણોનાં અભ્યાસ માટે સ્વરચિત વલણ માપદંડનો ઉપયોગ કરેલો, આ ઉપકરણની જે કંઈ મર્યાદાઓ હતી. તે પ્રસ્તુત અભ્યાસક્ની પણ મર્યાદાઓ બની રહી હતી.

**માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન**

**ઉત્કલ્પના – ૧**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં ભાઈઓ-બહેનોના શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં ૦૫ ભાઈઓ અને ૧૯ બહેનો પાસે શ્રમ વિષય પ્રત્વેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર જાતીયતાની અસર ચકાસણી માટે ઉત્કલ્પના -૧ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનામાં ભાઈઓ અને બહેનોના એમ બે જૂથો પાડવામાં આવ્યાં. આ બન્નેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકો તફાવતની સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૧માં દર્શાવેલ છે.

**સારણી ૧.૧**

બી.એડ. બેઝીકના ભાઈઓ-બહેનોની સંખ્યા, શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણવિચલન

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | ભાઈઓ | ૦૫ | ૮૯૨૦. | ૨૩૭૦. |
| ૨. | બહેનો | ૧૯ | ૧૦૭૭૪. | ૧૧૯૭. |

સારણી ૧.૧ નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ. બેઝીકના ભાઈઓ ૦૫ અને બહેનો ૧૯ના શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૮૯.૨૦ અને ૧૦૭.૭૪, પ્રમાણવિચલન અનુક્રમે ૨૩.૭૦ અને ૧૧.૯૭ છે.

આથી પ્રથમ શૂન્ય ઉત્કલ્પના "બી.એડ. બેઝીકના તાલીમાર્થીઓનું જાતીયતાની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય." નો અસ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી. એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં ભાઈઓ અને બહેનો સમાન છે.

**ઉત્કલ્પના – ૨**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ.

બેઝીકમાં અભ્યાસ કરતા ૧૧ તાલીમાર્થીઓના માતાપિતા અભણ પાસે શ્રમ વિષય પરત્વેનું વલણ માપદંડ ભરાવવામાં હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર માતા-પિતાની શૈક્ષણિક સ્તરના અસરથી ચકાસણી માટે ઉત્કલ્પના -૨ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં ભણેલ માતાપિતા અને અભણ માતા પિતા એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્નેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકોમાં તફાવત સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી હતી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૨માં દર્શાવેલ છે.

**સારણી ૧.૨**

બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણ વિચલન

| ક્રમ | શૈક્ષણિક સ્તર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | ભણેલા માતાપિતા- | ૧૧ | ૯૮૨૭. | ૧૯૪૨. |
| ૨. | અભણ માતાપિતા- | ૧૩ | ૧૦૮૬૧. | ૧૨૧૬. |

સારણી ૧.૨નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં ૧૧ તાલીમાર્થીઓના માતા-પિતા ભણેલા અને ૧૩ તાલીમાર્થીઓના માતાપિતા અભણ પાસે શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૯૮.૨૭ અને ૧૦૮.૬૧ પ્રમાણવિચલન અનુક્રમે ૧૯.૪૨ અને ૧૨.૧૬ છે.

આથી દ્વિત્રીય શૂન્ય ઉત્કલ્પના "બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય." નો અસ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની અસર સરસ જોવા મળે છે.

**ઉત્કલ્પના – 3**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પરત્વેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર રહેણાંક વિસ્તારની ચકાસણી માટે ઉત્કલ્પના-3 રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં ગ્રામ્ય અને શહેરી એમ બે જૂથો પાડવામાં આવ્યાં હતા. આ બન્નેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકોમાં તફાવતની પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી. ગણતરીનાં પરિણામો સારણી ૧૩માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી – ૧.૩**

ISSN: 2319-202X

બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓપોના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી પ્રમાણવિચલન

| ક્રમ | રહેણાંકી વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | ગ્રામ્ય | ૨૩ | ૧૦૪૩૫. | ૧૬૬૦. |
| ૨. | શહેરી | ૦૧ | ૯૩૦૦. | ૨૩૦૮. |

સારણીએ ૧.૩ નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના ગ્રામ્ય અને વિસ્તારની શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૧૦૪.૩૫ અને ૯૩.૦૦, પ્રમાણવિચલન અનુક્રમે ૧૬.૬૦ અને ૨૩.૦૮ છે.

આથી ચોથી શૂન્ય ઉત્કલ્પના "બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય."નો સ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ. બેઝીકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની અસર જોવા મળે છે.

## ......મા.!.....

માને મનમાં યાદ કરો  તો જ્ઞાન  થવાનું,
આખું બચપણ ખોવાયાનું ભાન થવાનું !
અડસઠ તીરથ માન્યા છે માતાના ચરણો–
મા  બોલે તે  શબ્દોનું   વરદાન  થવાનું  !
સુરક્ષાની ઢાલ બને જ્યાં માની મમતા,
કંકર  વચ્ચે  કીડીનું  બલિદાન થવાનું.
સંસ્કૃતિ  ને  સંસ્કારોનું  થાતું ઘડતર,
હાલરડાંમાં  જીવતરનું  સુકાન થવાનું.
આદરપૂર્વક  યાદ કરી  પ્રસ્થાન થશે તો–
તમ ગમે ત્યાં જાઓ બધે સન્માન થવાનું.
અવળાસવળા સંજોગો કે સંકટ વચ્ચે,
માડી કહેતી ક્યારેય નહીં હેરાન  થવાનું.
માતા પહેલો ગુરુ  એવું શાસ્ત્ર  કહે છે,
માત વગરનું  ઘર  પછી  વેરાન થવાનું !

**-નૈષધ મકવાણા**